RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૯, ◆ સળંગ અંકઃ ૬૯, ◆ તા.૧૬/૦૭/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના
e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

## ટેક્ષ ટુડે તંત્રી સ્થાનેથી...

# જુલાઇ મહિનો ટેક્સ પ્રોફેશનલ્સના ટેમ્પરમેંટની પરીક્ષા લઈ લે છે !!!

### કુદરતને અપૂર્વ સૌંદર્ય બક્ષતો વરસાદી માહોલ ટેક્સ પ્રોફેશનલ્સ માટે ઘણીવાર વિલન બની જતો હોય છે



જુલાઇ મહિનો ટેક્સ પ્રોફેશનલ્સ માટે સમગ્ર વર્ષનો સૌથી મહત્વનો મહિનો રહેતો હોય છે. એક તરફ નોન ઓડિટ અસીલો માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાનું કામ રહેતું હોય છે તો બીજી તરફ જી.એસ.ટી.ના માસિક ઉપરાંત ત્રિમાસિક રિટર્ન ભરવાનું કામ રહેતું હોય છે. આ મહિનો ટેક્સ પ્રોફેશનલ્સના ટેમ્પરમેંટની પરીક્ષા સમાન રહેતો હોય છે. કુદરતને અપૂર્વ સૌંદર્ય બક્ષતો વરસાદી માહોલ ટેક્સ પ્રોફેશનલ્સ માટે ઘણીવાર વિલન બની જતો હોય છે. વરસાના કારણે ઓફિસના કામના ખલેલ પહોચવી સામાન્ય બાબત છે. આ ઉપરાંત ઇન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. પોર્ટલ પર પડતાં સમયાંતરના વિક્ષેપો, Form 26 AS અપડેટ થવામાં લાગતો સમય, AIS-TISનું અર્થઘટન કરવામાં પડી રહેલી તકલીફોના કારણે હાલ ટેક્સ પ્રોફેશનલ્સ અસહ્ય તકલીફો ભોગવી રહ્યો છે. રિટર્ન ભરવાની મુદત વધશે કે કેમ તે હાલ સૌ ટેક્સ પ્રોફેશનલ્સમાં ચર્ચાનો વિષય બની રહ્યો છે.

નોન ઓડિટ કરદાતાઓ માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ વર્ષોથી ૩૧ જુલાઇ છે. છેલ્લા થોડા વર્ષોમાં ઇન્કમ ટેક્સ રિટર્નમાં તથા ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની પદ્ધતિમાં આમૂલ પરીવર્તન આવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષથી ઇન્કમ ટેક્સ હેઠળ ફોર્મ ૨૬ AS લાગુ કરવામાં આવ્યું. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષથી AIS તથા TISની સદંતર નવી પદ્ધતિ લાગુ કરવામાં આવી. આજે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવા સમયે ૨૬ AS કે AIS-TIS અનનન્ય મહત્વ ધરાવે છે. આ ફોર્મસ યોગ્ય રીતે જોયા વગર ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવા શક્ય જ નથી!! કહેવાય છે કે નાણાકીય વર્ષ પછી કરદાતાને પોતાનું રિટર્ન ભરવા ચાર મહિના જેવો સમય આપવામાં આવે છે. પરંતુ સાર્થક રીતે જોઈએ તો નોન ઓડિટ કરદાતાઓને ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવા માત્ર ૧ મહિનાનો સમય મળે છે. પોતાનું વાર્ષિક રિટર્ન ભરવા માત્ર એક મહિના જેવો સમય જ મળે તો ઇન્કમ ટેક્સ રિટર્ન જોઈએ તેવું યોગ્ય રીતે ભરવું શક્ય બને??? આનો જવાબ છે ના.

સમયની માંગ છે કે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવા અંગે દર વર્ષે મુદત વધારાની અરજ કરવાના બદલે ઇન્કમ ટેક્સ કાયદાની જોગવાઈઓ માં જ ફેરફાર કરવામાં આવે. ઓડિટ કરાવવા જવાબદાર ના હોય તેવા તમામ કરદાતા માટે રિટર્ન ભરવાની મુદત ૩૧ જુલાઇ થી વધારી ઓછામાં ઓછી ૩૧ ઓગસ્ટ કરી આપવામાં આવે. આ વર્ષે ગુજરાત ચેમ્બર સહિત વિવિધ વેપારી સંગઠનો તથા વિવિધ ટેક્સ પ્રોફેશનલ્સ સંગઠનોની માંગણી ધ્યાને લઈ આ મુદત ચોક્કસ વધારવી જરૂરી છે. એટલુજ નહીં આ મુદત વધારા અંગેની જાહેરાત પણ વહેલી કરી આપવી જોઈએ તે જરૂરી છે.

# સરકારી વર્કસ કોન્ટ્રાક્ટ ઉપર પણ લાગશે હવેથી ૧૮% જી.એસ.ટી.

## હાલ ચાલુ કોન્ટ્રાક્ટને પણ લાગુ પડશે આ વધારો!!



૧૬.૦૭.૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ સરકારી વર્કસ કોન્ટ્રાક્ટ ઉપર હાલ ૧૨% જી.એસ.ટી. લાગુ પડતો. આ જી.એસ.ટી. માં વધારો કરી હવે ૧૮% કરી આપવામાં આવ્યો છે. આમ, ૧૮ જુલાઇ ૨૦૨૨ પછીના તમામ રનિંગ બિલો ઉપર સામાન્ય રીતે ૧૮% જી.એસ.ટી. લાગુ પડશે. જી.એસ.ટી. હેઠળ વર્કસ કોન્ટ્રાક્ટની મોટાભાગની વસ્તુઓ ઉપર ૧૮% કે તેથી વધુ ટેક્સ લાગુ પડતો હોય, ઇનવરટેડ રેઈટ દૂર કરવા આ વધારો કરવામાં આવ્યો હોય તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. એક બાબત યાદ રાખવી જરૂરી છે કે કરદાતાઓએ જેટલું કામ ૧૮.૦૭.૨૦૨૨ પહેલા પુર્ણ કરી આપ્યું હોય, તે અંગેના બિલ પણ જે તે સરકારી ઓફિસમાં ૧૮ જુલાઇ ૨૦૨૨ પહેલા ઇનવર્ડ કરાવી આપ્યા હોય અને માત્ર પેમેન્ટ ૧૮ જુલાઇ પછી આવે તો આવા વ્યવહાર ઉપર ૧૨% જી.એસ.ટી.નો લાભ લઈ શકાય છે. આ અંગે જરૂરી વિગતો પોતાના એકાઉન્ટન્ટ કે ટેક્સ પ્રોફેશનલ્સને આપવી જરૂરી બનશે જેથી યોગ્ય ટેક્સ આકરી શકાય. આ અંગે વાત કરતાં ઉનાના જાણીતા કોન્ટ્રાકટર જવાહરભાઈ ગાંધી જણાવે છેકે, ''જી.એસ.ટી.માં કરવામાં આવેલ ૬% જેવો ભરી વધારો ઘણા ચાલુ કોન્ટ્રાક્ટ માટે કોન્ટ્રાકટરને મોટું નુકસાન આપવી શકે છે. આ અંગે એક ગુજરાત રાજ્યના ૨૯.૦૮.૨૦૧૭ના પરિપત્રનું ધ્યાન દોરી જણાવે છે કે જ્યારે કોઈ ચાલુ કોન્ટ્રાક્ટ દરમ્યાન જી.એસ.ટી. વધારવામાં આવે ત્યારે ગુજરાત સરકાર આ કોન્ટ્રાક્ટરોને વધારાના જી.એસ.ટી. જેટલું વળતર આપતી હોય છે. આ પરિપત્રની જાણકારીના અભાવે ઘણા કોન્ટ્રાક્ટરો આ લાભ લઈ શકતા નથી અને મોટા નુકસાનનો સામનો તેઓએ કરવો પડે છે''.

જી.એસ.ટી. હેઠળ ૧૮ જુલાઇ થી કરવામાં આવેલ વર્કસ કોન્ટ્રાકટર ઉપરનો વધારો ઘણા કોન્ટ્રાક્ટના કામો માટે મોટી મુશ્કેલી ઊભી કરશે તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે.

**ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે**

# ૧૮ જુલાઈથી હોટેલમાં રૂમ બુકિંગમાં નહીં મળે કોઈ કરમુક્તિ!!!
# ૧૦૦૦ સુધીના રૂમ ભાડા પર પણ લાગશે ૧૨% જી.એસ.ટી.

## ૧૦૦૦ રૂપિયા સુધીની કરમુક્તિનો હોટેલ ઈન્ડસ્ટ્રીના ઘણા કરદાતાઓ ગેર લાભ ઉઠાવતા હોવાના કારણે આ કરમુક્તિ હટાવવામાં આવી હોવાની ધારણા!!

૧૬.૦૭.૨૦૨૨: ૧૮ જુલાઈથી હોટેલ ઈન્ડસ્ટ્રીને મળી રહેલી ૧૦૦૦ સુધીના રૂમ ભાડા ઉપરની જી.એસ.ટી. કરમુક્તિ હટાવવામાં આવી છે. હવેથી હોટેલ ઈન્ડસ્ટ્રી માટે તમામ રૂમના ભાડા કરપાત્ર બનશે. આ કારણે નાના નાના ગેસ્ટ હાઉસ તથા ઘણી ધર્મશાળાઓ પણ જી.એસ.ટી. હેઠળ આવી શકે છે.

આ ઉપરાંત ઘણા એવા ટ્રસ્ટ કે જેઓ ઇન્કમ ટેક્સ હેઠળ ૧૨A હેઠળ માન્યતા ધરાવતા નથી તેઓની ઉપર પણ આ કરમુક્તિ પાછી ખેચવાના કારણે માંઠી અસર થઈ શકે છે. આ કરમુક્તિ પાછી ખેંચવામાં આવતા ઘણા કરદાતાઓ કે જેઓ અત્યાર સુધી જી.એસ.ટી. નંબર લેવા જવાબદાર ના હતા તેઓ એ જી.એસ.ટી. નંબર મેળવી તેના રૂમ ભાડા ઉપર ટેક્સ ચૂકવવાનો થશે. ઉલ્લેખનીય છે કે હોટેલ ઈન્ડસ્ટ્રી એ ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ હેઠળ સેવા ગણાય છે અને જી.એસ.ટી. નોંધણી મેળવવા માટે તેઓની ઉપર ૨૦ લાખની મર્યાદા લાગુ પડે છે.




હોટેલ ઈન્ડસ્ટ્રી માટે ૪૦ લાખની મર્યાદા લાગુ થાય નહીં. આ કરમુક્તિ આજથી હટાવવામાં આવતા હોટેલ ઈન્ડસ્ટ્રીમાં જી.એસ.ટી. હેઠળ નોંધણી ધરાવતા કરડાટએ ખાસ પોતાની સિસ્ટમમાં સુધારો કરી તેઓના સ્ટાફને આ અંગે જાણકારી આપવાની રહે કે હવેથી આ તમામ રૂમ ઉપર જી.એસ.ટી. ગ્રાહક પાસેથી ઉઘરાવવામાં આવે.

૧૦૦૦ સુધીની કરમુક્તિ મર્યાદા પાછા ખેચવાનું મુખ્ય કારણ નિષ્ણાંતો કરચોરીને માની રહ્યા છે. વિવિધ જી.એસ.ટી. અન્વેષણ કાર્યવાહીમાં એ પ્રકારેની વિગતો બહાર આવી હતી કે ઘણી હોટેલ ૧૦૦૦થી વધુ ટેરિફ પર રૂમ બુકિંગ કરતાં હોવા છતાં જી.એસ.ટી. રિટર્નમાં આ રૂમ ૧૦૦૦ સુધીના દર્શાવી કરમુક્તિનો ખોટો લાભ લેતા હતા. કારણ જે પણ હોય પણ હોટેલ ઈન્ડસ્ટ્રી માટે આ જી.એસ.ટી. ની કરમુક્તિ પાછી ખેચવામાં આવી તે મુશ્કેલ બાબત ગણી શકાય.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# ઇન્કમ ટેક્સ રિટર્ન ભરો તુરંત, બચાવો લેઈટ ફી બચાવો વ્યાજ




## ઓડિટ કરવા જવાબદાર હોય તે સિવાયના કરદાતાઓ માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ છે ૩૧ જુલાઇ

**તા. ૧૧.૦૭.૨૦૨૨**

ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ નજીક આવી ગઈ છે. બિઝનેસ આવક ધરાવતા કરદાતા પૈકી એવા કરદાતા કે જેઓએ પોતાના ચોપડા ઓડિટ કરાવવા જવાબદાર હોય, ટ્રસ્ટ જેવા અન્ય ઓડિટ માટે જવાબદાર કરદાતાઓ તેઓના માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર હોય છે. આ સિવાયના તમામ કરદાતાઓએ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઇ ૨૦૨૨ છે.

**ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું ક્યારે છે ફરજિયાત?**

ભાગીદારી પેઢી તથા કંપની માટે આવક હોય કે ના હોય, ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. આ સિવાયના કરદાતાઓ માટે જો તેઓની આવક મહત્તમ મુક્તિ મર્યાદાથી વધુ હોય તેવા કિસ્સામાં ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત બની જતું હોય છે. આ તકે એક બાબત ધ્યાને લેવી જરૂરી છે કે હાલ ઇન્કમ ટેક્સ હેઠળ વ્યક્તિગત તથા HUF કરદાતા માટે મહત્તમ મુક્તિ મર્યાદા ૨.૫ લાખ છે (અઢી લાખ) ૫ લાખ નથી. આમ, ૨.૫ લાખ ઉપર આવક ધરાવતા તમામ કરદાતાઓએ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત છે.

**૩૧ જુલાઇ પહેલા રિટર્ન ભરી બચાવો લેઈટ ફીઃ**

૩૧ જુલાઇ પહેલા કરદાતાઓએ રિટર્ન ભરવું જરૂરી છે. આ રિટર્ન જો મોડુ ભરવામાં આવે તો કરદાતા ૧૦૦૦ થી માંડી ૫૦૦૦ જેવી લેઈટ ફી ભરવા જવાબદાર બની જાય છે. ૩૧ જુલાઇ પછી રિટર્ન ભરવામાં આવે તો સામાન્ય રીતે ૫૦૦૦ની લેઈટ ફી લગતી હોય છે. પરંતુ જે કરદાતાઓની કુલ આવક ૫ લાખથી નીચે હોય તેઓને આ લેઈટ ફી માં રાહત આપવામાં આવેલ છે. તેઓ રિટર્ન મોડુ ભરે તો ૧૦૦૦ રૂ ની લેઈટ ફી ભરવા જવાબદાર બનશે. જે કરદાતાઓની આવક આવકવેરા છૂટની મહત્તમ મર્યાદાથી નીચે છે અને જેઓ ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ ઇન્કમ ટેક્સ રિટર્ન ફરજિયાત ભરવા જવાબદાર નથી તેવા કરદાતાઓ ઉપર કોઈ લેઈટ ફી લગતી નથી.


**૩૧ જુલાઇ પહેલા રિટર્ન ભરી બચાવો વ્યાજ!!**

૩૧ જુલાઇ સુધીમાં રિટર્ન ભરવા જવાબદાર કરદાતાઓ માટે આ રિટર્ન મોડુ ભરવામાં આવે તો ટેક્સ ઉપરાંત વ્યાજની જવાબદારીઓ આવે છે. આ

(અનુસંધાન બીજા પાને)

# કંપોઝીશન કરદાતાઓ માટે CMP-08 તથા GSTR 4ની મુદતમાં વધારવામાં આવી

## CMP 08ની મુદત ૩૧ જુલાઇ સુધી તથા GSTR 4 ભરવાની મુદત ૨૮ જુલાઇ સુધી વધારવામાં આવી







તા. ૦૬.૦૭.૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન કરદાતાએ ભરવાના થતાં એપ્રિલ થી જૂનના ત્રિમાસ માટે સેલ્ફ એસેસમેંટ રિટર્ન કમ ટેક્સ ચલણના ફોર્મ CMP 08 ભરવાની મુદત ૧૮ જુલાઈથી વધારી ૩૧ જુલાઇ કરી આપવામાં આવી છે. આ અંગે ૦૫ જુલાઇ ૨૦૨૨ ના રોજ મોડી રાત્રે નોટિફિકેશન ૧૧/૨૦૨૨ બહાર પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત કંપોઝીશન કરદાતાઓએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ભરવાના થતાં વાર્ષિક રિટર્ન GSTR 4 માટેની મુદતમાં ૨૮ જુલાઇ સુધી વધારી આપવામાં આવી છે. આ અંગે ૦૫.૦૭.૨૦૨૨ ના રોજ નોટિફિકેશન ૧૨/૨૦૨૨ બહાર પાડવામાં આવ્યું છે. ઉલ્લેખનિય છે કે કંપોઝીશન કરદાતાઓ પૈકી ઘણા કરદાતાઓ ''નેગેટિવ કેશ લેજર''ની મુશ્કેલી ભોગવી રહ્યા છે. આ બાબતે GST કાઉન્સીલ દ્વારા GSTN ને પ્રશ્ન ત્વરિત ઉકેલવા ૪૭ મી મિટિંગમાં તાકીદ કરવામાં આવેલ છે. નિષ્ણાંતો માની રહ્યા છે કે CMP 08 તથા GSTR 4માં કરવામાં આવેલ વધારો આ મુશ્કેલીને ધ્યાને લઈ કરવામાં આવ્યો છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# ગુજરાત ચેમ્બર દ્વારા ઇન્કમ ટેક્સ રિટર્નની મુદત ૩૧ ઓગસ્ટ સુધી વધારવા કરાઇ રજૂઆત

## 26 AS, AIS-TIS તથા ITR 5 હજુ થોડા સમય પહેલા જ શરૂ થયું હોય પોર્ટલ પર પણ મુશ્કેલીઓ હોય મુદત વધારવા કરાયો અનુરોધ




તા. ૧૨.૦૭.૨૦૨૨: ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઇન્કમ ટેક્સ રિટર્નની મુદત વધારવા CBDT ચેરમેનને રજૂઆત કરવામાં આવેલ છે. આ રજૂઆતમાં જણાવવામાં આવેલ છે કે TDS TCSની માહિતીઓ ૧૫ જૂન આસપાસ જ અપડેટ થઈ હોય છે તેવું જણાય આવે છે. આ માહિતી પૈકી અમુક માહિતીમાં ફેરફાર જણાય તેમ હોય તો આવા TDS-TCS રિટર્ન રિવાઈઝ કરવાના થાય છે. આ ઉપરાંત આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે જુલાઇ મહિનો ટેક્સ પ્રોફેશનલ્સ માટે ખૂબ વધુ કામ વાળો મહિનો રહેતો હોય છે.

ઇન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. ઉપરાંત અન્ય કાયદાઓ હેઠળ કરવાના થતાં કામોની મુદત જુલાઈમાં પડતી હોય છે. આ ઉપરાંત છેલ્લા થોડા સમયથી કોરોનાના કેસોમાં પણ વધારો થયો છે તે બાબત પણ CBDT ચેરમેનને ધ્યાને મૂકવામાં આવેલ છે. ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની ઓફલાઇન યુટિલિટી ૦૧.૦૭.૨૦૨૨ના રોજ પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. એક સાથે જ્યારે માત્ર ૧ મહિના જેવો ટૂંકો ગાળો ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવા તમામ નોન ઓડિટ કરદાતાઓને મળતો હોય, ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર પણ અસહ્ય ઘસારો પડી રહ્યો હોવાના સમાચાર છે. આ કારણે પોર્ટલ પણ જોઈએ તેવી સારી રીતે કામ કરતું નથી તેવા અહેવાલો છે. આ તમામ બાબતો ધ્યાને લઈ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની મુદત ૩૧ જુલાઇ ૨૦૨૨થી વધારી ૩૧ ઓગસ્ટ કરી આપવામાં આવે તે અંગે ખાસ માંગ કરવામાં આવેલ છે. કરદાતાઓના હિતમાં આ જાહેરાત વહેલી કરવામાં આવે તેવી માંગ પણ ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવી છે.

દેશભરમાં ટેક્સ પ્રોફેશનલ્સ હાલ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં વ્યસ્ત છે. વધુ પડતાં કામના કારણે ઇન્કમ ટેક્સ રિટર્નની ચોકકસાઇને પણ અસર પડતી હોય છે. આવા સમયે ઇન્કમ ટેક્સ હેઠળ નોન ઓડિટ વાળા કેસોની મુદતમાં વધારો સમયસર જાહેર કરવામાં આવે તેવી માંગણી કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સમાં ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# CBIC directs tax payers to furnish correct details of Inter State Supplies in returns: Issues Circular

**Darshit Shah, Advocate, Ahmedabad**

CBIC Issues Clarifications On Mandatory Furnishing Of Correct Details in GSTR-3B And GSTR-1 (Circular No. 170/02/2022-GST Dtd.06/07/2022)

Dt. 09.07.2022: CBIC on 06th July has came out with various circulars where it has clarified some of the issues as directed by the GST Council in its 47th Meeting. Out of these circulars the circular No. 170/02/2022 is one of the most relevant and important circular for Tax Payers and Tax Professionals. The Circular is regarding filling of correct details in GSTR 1 and GSTR 3B with respect to the Inter State Supplies made to unregistered recipients. It has also clarified on one other issue of Input Tax Credit and reversal thereof. In this article I have tried to interpret the circular in easy language.

**1. Furnishing of information regarding inter-State supplies made to unregistered persons, composition taxable persons and UIN holders :**

- The registered persons making inter-State supplies to unregistered persons, shall also report the details of such supplies, place of supply-wise (State Wise), in Table 3.2 of FORM GSTR-3B and Table 7B or Table 5 or Table 9/10 of FORM GSTR-1, as the case may be.
- Supply to registered persons paying tax under section 10 of the SGST/CGST Act (composition taxable persons) and to UIN holders, shall also report the details of such supplies, place of supply-wise (State Wise), in Table 3.2 of FORM GSTR-3B and Table 4A or 4C or 9 of FORM GSTR-1, as the case may be, as mandated by the law.
- The registered person shall update their customer database properly with correct State name and ensure that correct Place of Supply is declared in the tax invoice and in Table 3.2 of FORM GSTR-3B while filing their return, so that tax reaches the Consumption State as per the principles of destination-based taxation system

The apportionment of IGST collected on inter-state supplies from the source to the destined State takes place based on information reported in table 3.2. The coloums are highly important for proper allocation of revenue between states. It has been come to notice that there has been default in proper mentioning of these details in GSTR 3B, which has resulted in to loss of revenue to many states. This advisory has been issued to tax payers to take proper care in mentioning these details.

**2. Coming to a more significant aspect of the Circular furnishing of information regarding ITC availed, reversal thereof and ineligible ITC in Table 4 of GSTR-3B :**

(Table 4 of GSTR-3B is auto-populated based on GSTR 2B)

- Reversal of ITC which are absolute and not reclaimable like under Rule 38, Rule 42, Rule 43 and as per S.17(5) to be made in Table 4(B)(1). Net ITC Available as per Table 4(C) of FORM GSTR-3B gets credited into the electronic credit ledger (ECL) of the registered person. Therefore, it is important that any reversal of ITC or any ITC which is ineligible under any provision of the CGST Act should not be part of Net ITC Available in Table 4(C) and accordingly, should not get credited into the ECL of the registered person.
- Reversal of ITC which can be reclaimed later such as under Rule 37, (Reversal of input tax credit in the case of non-payment of Consideration like 180 days), Section 16(2)(b) Section 16(2)(c) to be made in Table 4(B)(2).
- ITC not available, on account of limitation of time period as delineated in sub-section (4) of section 16 of the CGST Act or where the recipient of an intra-State supply is located in a different State / UT than that of place of supply, may be reported by the registered person in Table 4D (2)
- it is also clarified by the CBIC that the reversal of ITC of ineligible credit under section 17(5) or any other provisions of the CGST Act and rules thereunder is required to be made under Table 4(B) and not under Table 4(D) of FORM GSTR3B

Thus, as per CBIC the reduction of ITC as per GSTR-2B would be required on account of ineligible ITC or reversals to arrive at "Net ITC Available' which gets credited to electronic credit ledger and reversal of ITC or any ITC which is otherwise ineligible cannot be a part of it.

The registered person is required to identify ineligible ITC as well as the reversal of ITC to arrive at the Net ITC available, which is to be credited to the ECL. In light of the above, the procedure to be followed by registered person the correct reporting of information is to be required to be filed by the tax payers in GSTR 3B.

This advisory is seemed to have issued as it has been found that many tax payers has been considering the auto populated Input Tax Credit in the Auto Populated return as the Final Credit. They were not applying the test of availability of input tax credit based on Sec 16 17 of the Goods and Services Tax Act, 2017. By this advisory the Tax Payers are specifically advised that the auto populated Input Tax Credit is just based on the GSTR 1 filled by the Suppliers and it only excludes the ineligible credit U/s 16(4). Other credit reversal has to be done by the tax payers themselves considering Sec 16 and 17 of the GST act and rule 42 43 of GST rules.

## નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષ માટે
# ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાને વાર્ષિક રિટર્ન ભરવામાંથી આપવામાં આવી મુક્તિ




તા. ૦૬.૦૭..૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ માસિક-ત્રિમાસિક રિટર્ન ઉપરાંત કરદાતા વાર્ષિક રિટર્ન ભરવા જવાબદાર હોય છે. જી.એસ.ટી કાઉન્સીલની ૪૭ મી બેઠકમાં કરવામાં આવેલ ભલામણોને ધ્યાને લઈ CBIC દ્વારા ૦૫ જુલાઈના મોડી રાત્રે નોટિફિકેશન ૧૦/૨૦૨૨ બહાર પાડી ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરવામાં મુક્તિ આપવામાં આવેલ છે. આમ, હવે નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ માટે માત્ર ૨ કરોડ ઉપરનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ જ ફરજિયાત જી.એસ.ટી. વાર્ષિક રિટર્ન ભરવા જવાબદાર બનશે. નિષ્ણાંતો માની રહ્યા છે કે બે કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા એવા કરદાતા જેઓએ પોતાના માસિક-ત્રિમાસિક રિટર્નમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ હોય તેવા કરદાતાઓએ ફરજિયાત ના હોય તેમ છતાં આ વાર્ષિક રિટર્ન ભરી આપવું જોઈએ.

**ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે**

# FCRA સંસ્થાઓના નોધણી પ્રમાણપત્રોની પેન્ડિંગ રિન્યુઅલ અરજીની તારીખમાં વધારો...

## FCRA સંસ્થાઓના નોધણી પ્રમાણપત્રોની પેન્ડિંગ રિન્યુઅલ અરજીની તારીખમાં વધારો કરીને તા ૩૦/૦૯/૨૦૨૨ કરવામાં આવી..

તા. ૨૪.૦૬.૨૦૨૨: FCRA સંસ્થાના નોધણી પ્રમાણપત્ર રિન્યૂની કરવાની છેલ્લી તા ૩૦/ ૦૬/૨૦૨૨ હતી જે સંસ્થાની અરજી પેન્ડિંગ છે તેમના માટે વધારો કરીને હવે થી તા ૩૦/૦૯/૨૦૨૨ કરવામા આવી છે જે મોટી રાહત આપી છે.




વધુમાં જે FCRA સંસ્થાઓની માન્યતા જેમની ૫ વર્ષની માન્યતા અવધિ તા ૦૧/૦૭/૨૦૨૨ થી ૩૦/૦૯/૨૦૨૨ દરમ્યાન સમાપ્ત થઈ રહી છે અને જેમને ૫ વર્ષ ની માન્યતા અવધિની સમાપ્તિ પહેલા નવીનીકરણ માટે અરજી કરી છે/ અરજી કરી છે તેના માટે પણ તા ૩૦/૦૯/૨૦૨૨ સુધી લંબાવવામાં આવશે . નવીકરણ અરજી જે વહેલું હોય....

તેથી તમામ FCRA રજિસ્ટર્ડ સંસ્થાઓ એ નોધ લેવાની સલાહ આપવામાં આવે છે કે નોધણીના પ્રમાણપત્ર નવીનીકરણ માટેની અરજીનો ઇનકાર કરવાના કિસ્સામાં, પ્રમાણપત્રની માન્યતા નવીનીકરણની અરજી નકારવાની તારીખે સમાપ્ત થઈ ગઈ હોવાનું માનવામાં આવશે અને સંસ્થા વિદેશી ભંડોળ મેળવવા અથવા વિદેશી ભંડોળ ઉપયોગ કરવા માટે પાત્ર નથી તેમ માનવામાં આવશે.

**Amit Soni**
**( Tax Advocate )**

# નેગેટિવ લયાબિલિટીનો પ્રશ્ન થયો છે 'સોલ્વ'!! તમારું કેશ લેજર તથા નેગેટિવ લાયાબીલીટી લેજર કરો ચેક!!

## તજજ્ઞો પાસેથી મળતી માહિતી પ્રમાણે જે કરદાતાઓએ નેગેટિવ લાયાબીલીટીની રકમ રોકડમાં ભરી છે તેઓને હજુ પડી રહી છે તકલીફ!!

## NEGATIVE LIABILITY IN GSTR-4: WHAT TO DO



તા. ૦૮.૦૭.૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન કરદાતાઓ છેલા ઘણા સમયથી ''નેગેટિવ લાયાબિલિટી''નો પ્રશ્નનો સામનો કરી રહ્યા હતા. આ પ્રશ્નના કારણે ઘણા કંપોઝીશન કરદાતાઓ પોતાનું GSTR 4માં કરવાનું થતું વાર્ષિક રિટર્ન ભરી શક્યા ના હતા. આ ''નેગેટિવ લાયાબીલીટી'' વિરુદ્ધ માનનીય ગુજરાત હાઇકોર્ટમાં ગયા અઠવાડીયામાં ''રિટ પિટિશન'' ફાઈલ કરવામાં આવી હતી. આ રિટ પિટિશનમાં GSTN દ્વારા ૨૫.૦૪.૨૦૨૨ ના રોજ કંપોઝીશન કરદાતાઓના ''કેશ લેજર''માં પાડવામાં આવેલ ''સુઓ મોટો ડેબિટ એન્ટ્રી'' રિવર્સ કરવા દાદ માંગવામાં આવી હતી. આજે ૦૮.૦૭.૨૦૨૨ ના રોજ GSTN દ્વારા આ ''ડેબિટ એન્ટ્રી''ને ''નવી ફાઇલ'' કરવામાં આવી છે.

આ એન્ટ્રીના કારણે કરદાતાઓના ''નેગેટિવ લાયાબિલિટી''ના પ્રશ્નો હળ થઈ ગયો છે. ''નેગેટિવ લાયાબીલીટી''નો પ્રશ્ન દૂર થતાં હવે કરદાતાઓ પોતાના નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના GSTR 4 ભરી શકશે.

જો કે મળતી માહિતી પ્રમાણે જે કરદાતાઓએ ''ડેબિટ એન્ટ્રી'' બાદ ''કેશ લેજર''માં જે પેમેન્ટ કરેલ છે તેવા કરદાતાઓના કિસ્સામાં હજુ મુશ્કેલીઓ પડી રહી છે. આ પ્રકારના કેસોમાં પણ ટૂંક સમયમાં કોઈ સમાધાન નીકળી જશે તેવી આશા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સ સેવી રહ્યા છે.

ટેક્સ ટુડે સાથે વાત કરતાં એડવોકેટ કુંતલ પરિખ જણાવે છે કે ''જી.એસ.ટી. હેઠળ એક યા બીજા કારણોસર અનેકવાર કરદાતા મુશ્કેલીનો સામનો કરતાં હોય છે. આ મુશ્કેલી સામે હાઇકોર્ટના દ્વાર ખટખટાવવામાં ક્યારેક કરદાતા કોઈ કારણોસર ખચકાટ અનુભવતા હોય છે. હું અંગત રીતે ચોક્કસ માનું છું કે તમારા મૂળભૂત હક્કનું જ્યાં હનન થયેલ હોય, કરદાતા પાસે જ્યાં અન્ય વિકલ્પો ના હોય ત્યારે હાઈકોર્ટમાં જવાના વિકલ્પ અંગે ચોક્કસ વિચરવું જોઈએ. વેરાવળના એક નાના કંપોઝીશન કરદાતાએ જ્યારે આ અંગે રિટ પિટિશન કરવાની હિંમત કરી તે ચોક્કસ સરાહનીય બાબત ગણાય''. અસીલ વતી આ રિટ પિટિશન ફાઇલ કરવામાં સેવા આપનાર અમદાવાદના જાણીતા એડવોકેટ કુંતલ પરિખનો હું અંગત રીતે તથા ટેક્સ ટુડેના તમામ વાંચકો વતી ખાસ આભાર માનું છું.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

## ઈન્કમ ટેક્સ રિટર્ન ભરો તુરંત... (અનુસંધાન પાના ૧થી શરૂ)

વ્યાજ બચાવવા પણ ઈન્કમ ટેક્સ રિટર્ન સમયસર ૩૧ જુલાઈ સુધીમાં ભરવું આગ્રહ ભર્યું છે.

**ચાલુ વર્ષનું નુકસાન આગળ લઈ ભવિષ્યની આવક સામે વળતર મેળવવા પણ રિટર્ન સમયસર ભરવું છે જરૂરીઃ**

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કોઈ નાણાકીય વર્ષમાં કરદાતાને ધંધામાં, શેરબજારમાં અન્ય કોઈ આવકના સ્ત્રોતમાં નુકસાન થયેલ હોય તો નિયત શરતોને આધીન તથા નિયત વર્ષો સુધી આ નુકસાન પછીના વર્ષોની આવક સામે બાદ મળતું હોય છે. આ નુકસાન ભવિષ્યના વર્ષોની આવક સામે બાદ મેળવવા જે વર્ષમાં નુકસાન થયેલ હોય તે વર્ષનું રિટર્ન સમયમર્યાદામાં ભરવું ફરજિયાત છે. આમ, આવા કરદાતાઓએ ૩૧ જુલાઈ (ઓડિટ વાળા કેસોમાં ૩૧ ઓક્ટોબર) પહેલા પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આપવું ફરજિયાત છે. ઘણીવાર કરદાતાને મોટું નુકસાન થયેલ હોય અને ભવિષ્યમાં થયેલ મોટા ફાયદા સામે આ 'સેટ ઓફ' મળી શકતું હોય પરંતુ માત્ર જે તે નુકસાન વાળા વર્ષમાં રિટર્ન સમયસર ના ભરવામાં આવેલ હોય તે કારણે તેઓ આ લાભ મેળવવા માંથી વંચિત રહી જતાં હોય છે.

## ચાલો જલ્દીથી આવકવેરા રિટર્ન ભરીશું
# છેલ્લી તારીખની રાહ જોયા વીના ફટાફટ ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરી દો
## આપેલ તારીખ પહેલા જ ITR ફાઈલ કરી દેશો તો ટેક્સ વિભાગ તમને જલ્દી જ રીફંડ મળી જશે



**અમિત સોની**
**(ટેક્ષ એડવોકેટ),**
**પ્રતિનિધિ ટેક્સ ટેક્સ ટુડે,**
**નડિયાદ-૯૮૨૪૭૦૧૧૯૩**

તા. ૨૪.૦૬.૨૦૨૨: નાણકીય વર્ષ ૨૦૨૧-૨૨ એટલેકે એસેસમેન્ટ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની શરૂઆતથી થઈ ચૂકી છે. જો તમને તમારા ઓફિસથી ફોર્મ-૧૬ મળી ગયું છે તો ફટાફટ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરી દો કારણકે હવે ધીરે ધીરે ઇન્કમ ટેક્સ રિટર્નની ઇ-ફાઈલિંગની વેબસાઇટ પર ટેક્સપેયર દ્વારા વધુ રિટર્ન ફાઇલ કરવામાં આવશે અને સાઇટ પર લોડ વધતો જશે. ઈન્કમ ટેક્સ ફાઈલિંગ કરવામાં આવતી પરેશાનીથી બચવા માટે છેલ્લી તારીખની રાહ જોયા વીના ફટાફટ ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઇલ કરી દો.

૩૧ જુલાઈ પહેલા જ ભરી દો ઈન્કમ ટેક્સ રિટર્ન નાણકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને એસેસમેન્ટ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન કોઈ પણ લેટ ફીના ચાર્જ વીના ભરવા હોય તો તેની છેલ્લી તારીખ છે ૩૧ જુલાઈ ૨૦૨૨. જો આ તારીખ પછી તમે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઇલ કરી તો ઈન્કમ ટેક્સના સેકશન ૨૩૪ A હેઠળ વ્યાજ અને સેકશન ૨૩ 4F હેઠળ લેટ ફી સાથે ટેક્સ પર વ્યાજ પણ ચૂકવવો પડશે.

ITR ભરવાની તારીખ કોઇ પણ વ્યક્તિ કે HUF માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઇ ૨૦૨૨ છે પણ કોઇ પણ ધંધા કે બીઝનેસ જેને ઓડીટની જરૂર પડે છે તેની માટેની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૨ છે. અ સાથે જ જે બિઝનેસમાં ઓડિટ રીપોર્ટની જરૂર પડે છે એમની માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ છે.

જો તમે ૩૧ જુલાઇ ૨૦૨૨ પછી અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ પહેલા ઇન્કમ ટેક્સ રિટર્નની ફાઈલ દાખલ કરી તો તમારે ૫,૦૦૦ રૂપિયા પેનલ્ટી ભરવી પડે છે પણ જો તમારી વાર્ષિક આવક ૫ લાખ કરતા ઓછી છે તો તમારે ૧૦૦૦ રૂપિયાની પેનલ્ટી ભરવી પડશે. આમ, લેઇટ ફી થી બચવા ઇન્કમ ટેક્સ રિટર્ન આજે જ ભરો.

# સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટના વર્ષ ૨૦૨૨-૨૩ના હોદ્દેદારોની વરણી



**શ્રી સંજયભાઇ પટેલ-પ્રમુખ**



**શ્રી દિપકભાઇ અમીન-સેક્રેટરી**

તા.૩૦-૦૬-૨૦૨૨ને ગુરૂવારના રોજ સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટની ૧૨મી વાર્ષિક સાધારણ સભા હોટેલ ગ્રાન્ડ મરક્યુરી (સુર્યા પેલેસ, સયાજી ગંજ) ખાતે યોજાયેલ હતી. વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતાં. સંસ્થાના વર્ષ ૨૦૨૨-૨૩ના નીચે પ્રમાણે હોદેદારોની વરણી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| શ્રી સંજયભાઇ પટેલ | પ્રમુખ |
| શ્રી દિપકભાઇ અમીર | સેક્રેટરી |
| શ્રી મનનભાઇ શાહ | ટ્રેઝરર |
| શ્રી વિજયભાઇ શાહ | ઉપપ્રમુખ |
| શ્રી ભરતભાઇ દેરાસરી | ઉપપ્રમુખ |
| શ્રી નકુલેશભાઇ પટેલ | જોઇન્ટ સેક્રેટરી |
| શ્રી કિંજલભાઇ શાહ | જોઇન્ટ સેક્રેટરી |
| શ્રી સમીરભાઇ શાહ | જોઇન્ટ સેક્રેટરી |

આ તમામ નવનિયુક્ત હોદેદારોને 'ટેક્ષ ટુડે પરિવાર' તરફથી હાર્દિક શુભેચ્છા.

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.

# જી.એસ.ટી. મને ક્યાં લાગુ પડે છે!! મારે જી.એસ.ટી. વિષે જાણવાની જરૂર શું??

## જી.એસ.ટી.એ ઈનડાયરેક્ટ ટેક્સ છે અને મને-તમને તમામને લાગુ પડે છે!!

**તા. ૨૦.૦૬.૨૦૨૨**

૦૧ જુલાઇ ૨૦૧૭ ના રોજ જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો. જી.એસ.ટી. લાગુ થયા અંગેના સમાચારો ફૂલછાબ સહિત લગભગ તમામ જાણીતા સમાચારપત્રોની ટોપ હેડલાઇન હતી. દેશના કરમાળખામાં આમુલ પરીવર્તન તરીકે જી.એસ.ટી. ને માનવમાં આવે છે. ઘણીવાર મિત્રો સાથે થતી વાતમાં એ જાણવા મળે છે કે અમે ક્યાં વેપારી છે કે અમારે જી.એસ.ટી. અંગે જાણવાની જરૂર રહે?? જી.એસ.ટી. અંગે જાણી અમારે શું કરવું?? આ માન્યતા ભૂલ ભરેલી છે. જી.એસ.ટી. અંગેની પ્રાથમિક માહિતી તમામ લોકો માટે શું કરવા જરૂરી છે તે અંગે આ લેખમાં વિગતો આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ડાયરેક્ટ ટેક્સ અને ઇંડાયરેક્ટ વિષે સમજ છે જરૂરી**

કોઈ પણ ટેક્સ સિસ્ટમમાં મુખ્યત્વે બે પ્રકારના વેરા લાગુ કરવામાં આવ્યા હોય છે. (૧) ડાયરેક્ટ ટેક્સ જેને પ્રત્યેક્ષ કર તરીકે ઓળખવામાં આવે છે અને (૨) ઈનડાયરેક્ટ ટેક્સ જેને અપ્રત્યક્ષ કર તરીકે ઓળખવામાં આવે છે. ડાયરેક્ટ ટેક્સ એટ્લે એવો ટેક્સ કે જે વ્યક્તિ આ ટેક્સ ભરે છે તે જ વ્યક્તિ આ ટેક્સનું ભારણ પણ સહન કરે છે. ઈન્કમ ટેક્સએ ડાયરેક્ટ ટેક્સનું ઉદાહરણ છે. જ્યારે ઈનડાયરેક્ટ ટેક્સ એટ્લે એવો વેરો જે ભરે છે એક વ્યક્તિ પણ તે ટેક્સનું ભારણ અન્ય વ્યક્તિએ ભોગવવાનું થતું હોય છે. જી.એસ.ટી. એ ઇનડાયરેક્ટ ટેક્સનું ઉદાહરણ છે. જી.એસ.ટી. હેઠળ નોંધણી વેપારી મેળવતો હોય છે, ટેક્સ વેપારી ભરતો હોય છે પણ આ જી.એસ.ટી. નો સંપૂર્ણ બોજો ગ્રાહક ભોગવે છે.

D.S.C. પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ સાથેની મિટિંગમાં મે વિદ્યાર્થીઓને પ્રશ્ન કર્યો કે તમારા માંથી ઈન્કમ ટેક્સ કોણ ભરે છે??? તમામ વિદ્યાર્થીઓના મુખમાં હળવું સ્મિત આવી ગયું અને બધા એક સાથે બોલ્યા કે અમારી ઈન્કમ છે જ ક્યાં કે અમે કોઈ ઈન્કમ ટેક્સ ભરીએ!! આ વાત તદ્દન સાચી છે. ત્યારબાદ મારો બીજો પ્રશ્નએ હતો કે તમારા માંથી કોણ જી.એસ.ટી. ભરે છે?? ત્યારે પણ સ્વાભાવિક રીતે તેઓ તમામ વિદ્યાર્થીઓએ એક સાથે કહ્યું હતું કે અમે કોઈ જી.એસ.ટી. ભરતાં નથી!! ત્યારે મે સ્ટુડન્ટસને કહ્યું કે તમારી આ જવાબ સાચો નથી. હું, તમે, તમારા વાલીઓ, તમારા શિક્ષકો તમામ રોજ જી.એસ.ટી. ભરીએ છીએ!!! વિદ્યાર્થીઓને આ અંગે વધુ સમાજ આપતા મે જણાવ્યુ કે આપણે જ્યારે કોઈ વસ્તુ કે સેવા ખરીદી કરીએ છીએ ત્યારે આ વસ્તુ ઉપર કે સેવા ઉપર જી.એસ.ટી. લગાડવામાં આવતો હોય છે. તમે પેન ખરીદો, સ્કૂલ બેગ ખરીદો, હોટેલમાં જમવા જશો, હોટેલમાં રહેવા જશો આ તમામ વ્યવહારોમાં તમે જી.એસ.ટી. ભોગવી રહ્યા છો. જી.એસ.ટી. ની રકમ ગ્રાહક તરીકે આપો છો તમે પણ આ રકમ સરકારમાં ભરે છે જે તે માલ કે સેવા પૂરી પાડનાર વેપારી. ૧૧ કોમર્સના વિદ્યાર્થીઓ સાથેની આ વાત એ બાબતની સૂચક ગણી શકાય કે જેમ કોમર્સના આ વિદ્યાર્થીઓ જાણતા નથી કે તેઓ પોતાના રોજિંદા વ્યવહારમાં અનેક પ્રકારે જી.એસ.ટી. ભોગવી રહ્યા છે તેવી જ રીતે સામાન્ય વ્યક્તિઓ પણ આ બાબતે જાણકારી ધરાવતા હોતા નથી.




**જી.એસ.ટી. અંગે પ્રાથમિક જાણકારી હોય તો તમે ગેરરીતિઓથી બચી શકો છો!!**

ઉપર જણાવવામાં આવ્યું છે તેમ આપણાં રોજબરોજના જીવનના વ્યવહારોમાં આપણે જી.એસ.ટી. ભોગવતા હોઈએ છીએ. કોઈ માલનો વેપાર કરતો વેપારી અથવા તો સેવા પૂરી પાડનાર કરદાતા ઘણીવાર કાયદાની અજ્ઞાનતાના કારણે અથવા ક્યારેક જાણી જોઈને જી.એસ.ટી. હેઠળ નાની મોટી ગેરરીતિઓ આચારતા હોય છે. આ ગેરરીતિઓના કારણે તેઓ કાયદા હેઠળ તમારા મારા જેવા ગ્રાહકો પાસેથી ઉઘરાવવાની થતી રકમથી વધુ રકમ ઉઘરાવી લેતા હોય છે. જી.એસ.ટી. અંગેની પ્રાથમિક જાણકારી હોય તો ગ્રાહકો આ બાબતે સજાગ બની આ ગેરરીતિઓનો ભોગ બનવાથી બચી શકે છે.

**જી.એસ.ટી. નંબર ના હોવા છતાં ગ્રાહકો પાસેથી લેવામાં આવે છે જી.એસ.ટી.**

ક્યારેક એવું ધ્યાનમાં આવતું હોય છે કે કોઈ વેપારી કે સેવા પ્રદાતા પોતાની પાસે જી.એસ.ટી. નોંધણી દાખલો ના હોય એમ છતાં ગ્રાહકો પાસેથી જી.એસ.ટી. વસૂલ કરતાં હોય છે. આ બાબત તદ્દન અયોગ્ય છે. ગ્રાહક પાસેથી જી.એસ.ટી. વસૂલ એ જ વ્યક્તિ કરી શકે છે જે જી.એસ.ટી. હેઠળ યોગ્ય નોંધણી દાખલો ધરાવતા હોય. જી.એસ.ટી. નંબર ધરાવતા તમામ કરદાતાઓએ પોતાના ધંધાના સ્થળે જી.એસ.ટી. નંબર પ્રદર્શિત કરવો ફરજિયાત છે. આ ઉપરાંત ગ્રાહકને આપવામાં આવતા બિલ ઉપર પણ પોતાનો જી.એસ.ટી. નંબર પ્રદર્શિત કરવો તમામ કરદાતા માટે જરૂરી છે. આમ, ગ્રાહક દ્વારા જ્યારે તેના બિલમાં જી.એસ.ટી. ની રકમ દર્શાવેલ હોય ત્યારે એ ચકાસવું જરૂરી છે કે જે તે વેપારી કે સેવા પ્રદાતા જી.એસ.ટી. નંબર ધરાવે છે કે નહીં.

**કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ ગ્રાહક પાસેથી અલગથી ટેક્સ વસૂલ કરી શકે નહીં!!**

ઘણા કિસ્સામાં જી.એસ.ટી. હેઠળ કોઈ વેપારી કે સેવા પ્રદાતા નોંધાયેલ હોય છે પરંતુ એક નાના કરદાતા તરીકે તેઓ કંપોઝીશનનો લાભ લેતા હોય છે. કંપોઝીશનનો લાભ લેતા કરદાતાઓ પોતાના વેચાણ સંદર્ભે કોઈ ટેક્સ ઉઘરાવી શકે નહીં. ઘણીવાર એવા કિસ્સા સામે આવતા હોય છે કે જ્યાં કરદાતા કંપોઝીશન હેઠળ ટેક્સ ભરવા જવાબદાર હોવા છતાં ગ્રાહકો પાસેથી જી.એસ.ટી. ઉઘરાવતા હોય છે. ગ્રાહકો પોતે આ બાબતે જાણકારના હોવાથી તેઓ ખોટી રીતે આ જી.એસ.ટી. ચૂકવતા હોય છે. કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા કરદાતા જી.એસ.ટી. અલગ ઉઘરવી શકે નહીં અને જો તેઓ જી.એસ.ટી. અલગથી ઉઘરાવે તો આ બાબત ગેરકાયદેસર છે. કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરડાટએ પોતાના ધંધાના બોર્ડ ઉપર એ પણ દર્શાવવું જરૂરી છે કે તેઓ કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા કરદાતા છે.

**જી.એસ.ટી. હેઠળ વેરો ઉઘરાવવામાં આવેલ હોય તેવા બિલો ગ્રાહકોએ ખાસ મેળવી લેવા છે જરૂરી!!**

જી.એસ.ટી. હેઠળ હોટેલ કે રેસ્ટોરન્ટમાં આપ જ્યારે હોટેલમાં રહો છો કે રેસ્ટોરન્ટમાં જમો છો ત્યારે સામાન્ય રીતે બિલ ઉપર જી.એસ.ટી. અલગ લગાડવામાં આવતો હોય છે. આ જી.એસ.ટી. ની રકમ આપે ચૂકવી હોય આ રકમ જે તે હોટેલ કે રેસ્ટોરન્ટ દ્વારા સરકારમાં જમા કરાવવાની રહે છે. પરંતુ મોટાભાગે આ જી.એસ.ટી. વાળું બિલ ગ્રાહકો પોતાની સાથે લઈ જતાં ના હોય ક્યારેક અમુક કરદાતા આ બિલો ઉપર ઉઘરાવવામાં આવેલ જી.એસ.ટી. ની ચોરી કરતાં માલૂમ પડતાં હોય છે. આ હકીકત માત્ર હોટેલ ઈન્ડસ્ટ્રી માટે જ છે તેવું નથી. આમ, તમે ચૂકવેલ જી.એસ.ટી. સરકારમાં યોગ્ય રીતે જમા થાય તે માટે જે બિલ ઉપર આપે જી.એસ.ટી. ચૂકેવેલ છે તે બિલ હમેશા સાથે લઈ જવાનો આગ્રહ રાખો.

આમ, આપ ધંધાદારી વ્યક્તિ નથી કોઈ સેવા કરદાતા નથી તો પણ જી.એસ.ટી. એક ગ્રાહક તરીકે આપના ઉપર અસર કરે છે. જી.એસ.ટી. હેઠળ નાની નાની તકેદારી તથા જાણકારી રાખી આપ આપના તથા દેશના નાણાં બચાવી શકો છો.

**By Bhavya Popat**

**(આ લેખ ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તા ૨૦ જૂન ૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# જી.એસ.ટી. હેઠળ લાગુ થયા આ મહત્વના ફેરફારો: કરદાતાઓ માટે થોડા સુધારાઓ છે ઉપયોગી થોડા છે વિરોધી

## નોટિફિકેશન ૧૪/૨૦૨૨, તા. ૦૫.૦૭.૨૦૨૨ દ્વારા જી.એસ.ટી. નિયમોમાં થયા આ સુધારાઓ




તા. ૦૭.૦૭.૨૦૨૨: જી.એસ.ટી. કાઉન્સીલની ૪૭મી બેઠકમાં કરવામાં આવેલ સૂચનો ધ્યાને લઈ, CBIC દ્વારા જી.એસ.ટી. નિયમોમાં મહત્વના ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. આ ફેરફારોમાં મુખ્ય ફેરફારોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

જી.એસ.ટી. રિટર્ન ભરવાના અભાવે જે કરદાતાઓનો જી.એસ.ટી. નોંધણી દાખલો સસ્પેન્ડ કરવામાં આવ્યો હોય, અને કરદાતા દ્વારા અધિકારી નોંધણી દાખલો રદ્દ કરે ત્યાં સુધીમાં બાકી જી.એસ.ટી. રિટર્ન ભરી આપવામાં આવે ત્યારે અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવેલ જી.એસ.ટી. નોંધણી દાખલો સ્વમેળે (ઓટોમેટિક) રિવોક થઈ જશે તેવી આવકારદાયક જોગવાઈ કરવામાં આવેલ છે.

કોઈ કરદાતાને જી.એસ.ટી. હેઠળ ખોટી રીતે રિફંડ ચૂકવવામાં આવેલ હોય અને આ બાબતે અધિકારી દ્વારા તેનું ધ્યાન દોરવામાં આવેલ હોય અથવા તો આ બાબત કરદાતાને જાતે જ ધ્યાનમાં આવી હોય ત્યારે કરદાતા દ્વારા ખોટી રીતે આપવામાં આવેલ રિફંડ જેટલી રકમ વ્યાજ અને દંડ સાથે જમા કરવવામાં આવેલ હોય ત્યારે PMT 03A ફોર્મ દ્વારા આ રકમ "રી ક્રેડિટ" કરી આપવામાં આવશે તેવી આવકારદાયક જોગવાઈ કરવામાં આવી છે.

કરદાતા માટે હવે ટેક્સ ભરવામાં RTGS/NEFT, ઓનલાઈન બેંકિંગ ઉપરાંત UPI (Gpay, PhonePay, Paytm વી.) તથા IMPS દ્વારા પણ ટેક્સ ભરી શકશે તેવી આવકારદાયક જોગવાઈ કરવામાં આવેલ છે.

કરદાતાઓ હવે પોતાના એક GSTINમાંથી એક જ PAN પરના અન્ય GSTIN ઉપર કેશ લેજરમાં રહેલ રકમ ટ્રાન્સફર કરી શકશે તેવી આવકારદાયક જોગવાઈ કરવામાં આવેલ છે.

મોડુ રિટર્ન ભરવામાં આવતા કરદાતાઓ ઉપર લગતા વ્યાજ સંદર્ભે ગંભીર ગણી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ મુજબ કરદાતા દ્વારા જે માસમાં વેચાણ કરવામાં આવેલ હોય તે જ માસમાં આ વેચાણ GSTR 3B માં દર્શાવી તેના ઉપર ટેક્સ ભરી આપવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં જ માત્ર કેશ લેજર દ્વારા ભરવામાં આવેલ રકમ ઉપર વ્યાજ લાગશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આ સિવાયના તમામ કિસ્સામાં કરદાતા દ્વારા વ્યાજ ક્રેડિટ અને કેશ લેજર બંને ઉપર લાગશે તેવી કરદાતા વિરોધી જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈના કારણે ઘણા કરદાતાઓ ઉપર અવ્યવહારિક વ્યાજ ભરવાની જવાબદારી આવશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે.

આ ઉપરાંત GSTR 9 (વાર્ષિક રિટર્ન) ભરવામાં જે વિગતો આપવામાં મુક્તિ આપવામાં આવેલ હતી તે મોટાભાગની વિગતો આપવાની મુક્તિ પરત કરી આપવામાં આવી છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી કરદાતાઓએ ઘણી વધુ વિગતો આપવાની રહેશે જે કરદાતાઓ માટે મુશ્કેલ સાબિત થશે.

આ તમામ સુધારાઓ જી.એસ.ટી. નિયમો ૨૦૧૭ માં કરવામાં આવેલ છે. આ સુધારાઓ અંગે કરવેરા નિષ્ણાંતોમાં મિશ્ર પ્રતીભાવ જોવા મળી રહ્યો છે.

**ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે**

# રિફંડ માટે સમયમાં વધારો કરી કરદાતાઓને મળી આ રાહત... પણ આ રાહત સાથે કરદાતાઓ માટે છે આ માઠા સમાચાર

## રિફંડ અરજી કરવાની મુદતમાં ૦૧ માર્ચ ૨૦૨૦ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ નો "કોવિડ" કાળનો સમય રહેશે બાકાત




તા. ૦૬.૦૭.૨૦૨૨: જી.એસ.ટી. કાઉન્સીલની ૪૭ મી બેઠકની એક મહત્વપૂર્ણ ભલામણ પૈકીની એક ભલામણ જી.એસ.ટી. હેઠળ રિફંડ અરજીમાં વધારો કરવા અંગેની ગણી શકાય. CBIC દ્વારા આ ભલામણોનો સ્વીકાર કરી કરદાતાઓને રાહત આપવામાં આવી છે. CBIC દ્વારા આ અંગે નોટિફિકેશન ૧૩/૨૦૨૨, તા. ૦૫.૦૭.૨૦૨૨ બહાર પાડવામાં આવ્યું છે. જી.એસ.ટી. હેઠળ કલમ ૫૪ હેઠળ રિફંડ મેળવવા હક્કદાર કરદાતાઓને રિફંડ અરજી કરવાની મર્યાદાઓમાં ૦૧ માર્ચ ૨૦૨૨ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીનો સમયગાળો બાકાત રહેશે તેવી જાહેરાત કરવામાં આવી છે. રિફંડ મેળવવા હક્કદાર કરદાતાઓ માટે આ ખુશ ખબર છે. ગુજરાત હાઈકોર્ટ સહિત વિવિધ હાઈકોર્ટમાં આ અંગે અનેક કરદાતાઓએ રિટ પિટિશન કરવામાં આવી છે. આ સાથેજ કરદાતાઓ માટે એક માઠા સમાચાર પણ છે. રિફંડની મુદત વધારા સાથે જી.એસ.ટી. અધિકારી દ્વારા કરવામાં આવતી "રિકવરી" (ઉઘરાણી)ની સમયમર્યાદામાં પણ વધારો કરી આપવામાં આવ્યો છે. જી.એસ.ટી. કાયદાની કલમ ૭૩(૧૦) હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮ માટેની સમયમર્યાદા જે વાર્ષિક રિટર્નની છેલ્લી તારીખથી ૩ વર્ષની રહેતી હોય છે, તે ગણતરી કરવામાં પણ કોવિડ કાળને બાદ કરી આપવામાં આવ્યો છે. આમ, ૦૧ માર્ચ ૨૦૨૦ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીનો સમયગાળો હવે આ ત્રણ વર્ષની મર્યાદામાં ગણાશે નહીં. સામાન્ય રીતે કહીએ તો હવે અધિકારી કરદાતા પાસેથી રિકવરી હવે ત્રણના બદલે પાંચ વર્ષ સુધી કરી શકશે. રિફંડની મુદતમાં વધારો થતાં અમુક કરદાતાઓને ચોક્કસ ફાયદો થશે પરંતુ તેની સામે "રિકવરી"ની મુદત વધારો કરવામાં આવતા ઘણા મોટા પ્રમાણમા કરદાતાઓ ખરાબ રીતે પ્રભાવિત થશે તેવું માનવમાં આવી રહ્યું છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# ટેક્સ ફાઈલ કરતી વખતે આ વાતોનું રાખો ધ્યાન

**ફોર્મ્સના નિયમોમાં કરવામાં આવ્યા છે ફેરફાર**

ટેક્સ રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૨ છે. આ વખતે નવા ITR ફાઇલ ફોર્મના નિયમોમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. હવે તમે ટેક્સ ફાઇલ કરતી વખતે આ માહિતી છુપાવી શકશો નહીં. ઉપરાંત, રિટર્ન ફાઇલ કરતી વખતે તમારે કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે માટે તમારે આને ધ્યાનમાં રાખવું જોઈએ.

**પેન્શનર્સ માટે કેટેગરી**

ITR ફોર્મ્સમાં પેન્શનરોને પેન્શનના સ્ત્રોત વિશે માહિતી આપવી પડશે. પેન્શનરોએ Nature of Employment ડ્રોપ-ડાઉન મેનૂમાં કેટલાક વિકલ્પોમાંથી એક પસંદ કરવાનું હોય છે. જો તમે કેન્દ્ર સરકારના પેન્શનર છો તો Pensioners - CG પસંદ કરો, જો તમે રાજ્ય સરકારના પેન્શનર છો તો Pensioners-SG પસંદ કરો, જો તમે જાહેર ક્ષેત્રની કંપનીમાંથી પેન્શન મેળવતા હોવ તો Pensioners-PSU પસંદ કરો અને બાકીના પેન્શનરો Pensioners - Others પસંદ કરો જેમાં EPF પેન્શનનો સમાવેશ થાય છે. હવે તો તિજોરીની વેબસાઈટ પરથી પીપીઓ નંબર અને બૅંક ખાતા નંબર લખેથી ઓનલાઇન સર્ટિફિકેટ મેળવી શકાય છે.

**EPFમાં લાગશે ટેક્સેબલ વ્યાજ**

જો તમે EPFમાં એક વર્ષમાં ૨.૫ લાખ રૂપિયાથી વધુનું યોગદાન આપો છો તો તમારે વધારાના યોગદાન પર મળેલા વ્યાજ પર ટેક્સ ચૂકવવો પડશે. તેના વિશે ITR ફોર્મમાં જણાવવું પડશે. આમ ન કરવા પર આવકવેરા વિભાગ તરફથી નોટિસ આવી શકે છે. જો તમે પણ EPFમાં ૨.૫ લાખ રૂપિયાથી વધુનું યોગદાન આપો છો તો ચોક્કસપણે કરપાત્ર વ્યાજની જાહેરાત કરો.

**ઘર-જમીનની ખરીદી**

જો તમે ITR ફાઇલ સબમિટ કરતી વખતે ઘર અથવા જમીનનું વેચાણ કરેલ છે. તો તમારે આ માહિતી આપવી પડશે. ITR ફોર્મમાં તમારે કેપિટલ ગેન્સમાં ખરીદી તથા વેચાણ તારીખ વેચાણના વર્ષમાં આપવાની રહેશે. જો તમે ૧લી એપ્રિલ ૨૦૨૧ થી ૩૧મી માર્ચ ૨૦૨૨ વચ્ચે કોઈ જમીન વેચી હોય તો આ વર્ષે તેની માહિતી પણ જાહેર કરવાની છે.



**અમિત સોની**
**(ટેક્ષ એડવોકેટ),**
**પ્રતિનિધિ ટેક્સ ટેક્સ ટુડે,**
**નડિયાદ-૯૮૨૪૭૦૧૧૯૩**




**બિલ્ડિંગ રિનોવેશનના ખર્ચની જાણકારી**

ITR ફાઇલ કરતી વખતે જમીન અથવા મકાનના રિનોવેશન પર થયેલા ખર્ચની માહિતી આપવી પડશે. લાંબા ગાળાના મૂડી લાભ પર પહોંચવા માટે આ ખર્ચ વેચાણ કિંમતમાંથી બાદ કરવો પડશે. આ માહિતી આપવી પણ જરૂરી છે.

**કેપિટલની ઓરિજનલ કોસ્ટ**

અત્યાર સુધી માત્ર ઈન્ડેક્સ કોસ્ટ જણાવવી પડતી હતી, પરંતુ હવે તમારે ઈન્ડેક્સ કોસ્ટની સાથે મૂળ કિંમત પણ આપવી પડશે. આ વખતે આવકવેરા વિભાગે ITR ફોર્મ જાહેર કરતી વખતે આ તમામ નવા નિયમો પણ જણાવ્યા હતા. દરેક પસાર થતા વર્ષ સાથે, આવકવેરા વિભાગ નિયમોને વધુ કડક બનાવે છે, જેથી ટેક્સ ચોરીની આશંકાઓને ઓછી કરી શકાય.

**રેસિડેન્શિયલ સ્ટેટસની જાણકારી**

તમારે તમારૂ રેસિડેન્શિયલ સ્ટેટસ આપવું પડશે. જો તમે ITR-2 અથવા ITR-3 ફોર્મ ભરી રહ્યા છો તો તમારે જણાવવું પડશે કે તમે ભારતમાં કેટલા સમયથી રહો છો. અગાઉ પણ ITR ફોર્મ્સમાં રેસિડેન્શિયલ સ્ટેટસ પૂછવામાં આવ્યું હતું. જેથી સાચી સ્થિતિ જાણી શકાય.

**ESOP પર ટેક્સ વિલંબનની માહિતી**

પ્રથમ, સ્ટાર્ટઅપના કર્મચારીને ESOP પર કર ચૂકવવાનું ભવિષ્ય માટે મોકૂફ રાખી શકાય છે. પરંતુ હવે કેટલાક નિયમો અને શરતો લાગુ કરવામાં આવ્યા છે. આ વખતે ITR ફોર્મ ભરતી વખતે કર્મચારીને વિલંબિત કરની રકમ જણાવવી પડશે. તમારે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં વિલંબિત કરની રકમ, ૨૦૨૧-૨૨માં બાકી રહેલ કર, જે તારીખ પર તે કંપનીનો કર્મચારી નથી રહ્યો તેની જાણકારી આપવાની રહેશે.

**વિદેશી સંપત્તિ અને કમાણી**

જો કોઈની વિદેશમાં પ્રોપર્ટી છે અથવા તેણે વિદેશમાંથી કોઈ સંપત્તિ પર ડિવિડન્ડ અથવા વ્યાજ મેળવ્યું છે તો તેની માહિતી આપવી જરૂરી છે. ITR ફોર્મ-૨ અને ITR ફોર્મ-૩નો ઉપયોગ કરો. જો તમે પણ ITR ભરવા જઈ રહ્યા છો અને તમારી પાસે વિદેશમાં કોઈ પ્રોપર્ટી છે તો તેના વિશે ચોક્કસ જણાવો. જો દેશની બહાર કોઈ પ્રોપર્ટી વેચવામાં આવી હોય તો તેના વિશે પણ જણાવવું પડશે.

**ડિમેટ ખાતા થયેલ વ્યવહારની વિગત આપવી**

ઘણા કરદાતાઓ આ વિગત લાવવા આળસ કરે છે પણ ડિમેટ ખાતા ધ્વારા મળેલ ડિવિડંડ અને સિક્યુરિટી નું વેચાણ કરેલ હોય તો ડિમેટ ખાતું હોય ત્યાથી પ્રોફિટ એન્ડ લોસ સ્ટેટમેંટ લાવવું જરૂરિ છે.

આમ આવકવેરા આવક ની સામે બાદ માંગવાની જરૂરી કપાતોની વિગતો પણ આપવી....

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

09th July 2022

## જી.એસ.ટી.

**હું એક વેપારી છું. મારા GSTR 3B ભરવામાં કુલ મળવા પાત્ર ક્રેડિટ હું 4(A5)માં દર્શાવું છું. આ પૈકી પર્સનલ વપરાશની ITC હું 4(B2)માં દર્શાવું છું. શું આ ITC ફરી મારે 4(D1)માં દર્શાવવાની રહે? – અજય પૂજરા, વેપારી, અમદાવાદ**

જવાબઃ ના, એક વખત 4(B1)માં દર્શાવેલ રિવર્સ કરેલ ITCને ફરી 4(D1) ITCમાં દર્શાવવાની રહે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ સોની છે. તેઓ બિનનોંધાયેલ ગ્રાહકો પાસેથી જૂનું સોનું ખરીદે છે. આ સોનું ખરીદવા સમયે શું તેઓએ ગ્રાહકો પાસેથી કોઈ જી.એસ.ટી. વસૂલવાનો રહે? શું તેઓ આ ખરીદી બાબતે RCM ભરવા જવાબદાર બને? – હેમલ સોની, ટેક્સ કન્સલ્ટન્ટ.**

જવાબઃ ના, જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૪) હાલ સ્થગિત કરેલ હોય, સોની એ બિનનોંધાયેલ વ્યક્તિ (ગ્રાહક) પાસેથી કરેલ સોનાની ખરીદી ઉપર કોઈ જી.એસ.ટી. વસૂલવાનો રહે નહીં. તેઓની આ ખરીદીના વ્યવહાર સબબ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ URD ઘઉં ખરીદી કરી તેમાંથી લોટ બનાવવા પ્લાસ્ટિક કે ગન્ની બેગમાં પેક કરી તેનું વેચાણ કરે છે. મારો પ્રશ્ન શિવ ફ્લોર મિલ WB AARના સંદર્ભે છે. જે અંતર્ગત પેકિંગમાં વેચાણ કરવામાં આવતા ઘઉં ઉપર વેરો ક્યાં દરે લાગે તે જણાવવા વિનંતી.**

જવાબઃ શિવ ફ્લોરનું AAR એ સરકારને કરવામાં આવતી PDS હેઠળની સપ્લાય બાબતનું છે. સામાન્ય સંજોગોમાં બ્રાન્ડ હેઠળ વેચતા ઘઉં ટેક્સેબલ છે. તેના ઉપર ૫% વેરો લાગુ પડે. જ્યારે બ્રાન્ડ વગર વેચાણ કરવામાં આવતા ઘઉં કરમુક્ત છે. ૪૭મી કાઉન્સીલ મિટિંગ પછી જી.એસ.ટી. રેઈટ અંગેના નોટિફિકેશન બહાર પડશે ત્યાર બાદ આ અંગે યોગ્ય ફેર વિચારણા કરવી પડે તેવી શક્યતા ઊભી થઈ શકે છે.

## ઈન્કમ ટેક્સ

**અમારા અસીલના પગાર માંથી દર મહિને ESI (Employee State Insurance) કાપવામાં આવે છે. આ ESIની રકમ કરદાતાને ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં 80C હેઠળ બાદ મળે? – પ્રશાંત મકવાણા, એડ્વોકેટ**

જવાબઃ ના, ESIની કપાત થયેલ રકમ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 80C હેઠળ બાદ મળે નહીં તેવો અમારો મત છે.

02 July 2022

## જી.એસ.ટી.

**અમારા અસીલ કન્સલ્ટિંગ એંજિનિયર છે. તેઓ નગરપાલિકાને પ્યોર સર્વિસ આપે છે. તેમની સર્વિસ CGST રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ની એન્ટ્રી ૩ મુજબ NIL રેટેડનો લાભ મળે કે કેમ તે જણાવવા વિનંતી. સાથે સાથે આ સેવાનો HSN જણાવવા વિનંતી. – જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબઃ હા, કન્સલ્ટિંગ એંજિનિયર દ્વારા નગરપાલિકાને આપવામાં આવતી પ્યોર સર્વિસને નોટિફિકેશન CGST (રેઈટ) નોટિફિકેશન ૧૨/૨૦૧૭ની એન્ટ્રી ૩નો લાભ મળે અને તેને NIL રેટેડનો લાભ મળે તેવો અમારો મત છે.

**અમારા અસીલ GIDCમાં પ્લોટ ધરાવે છે. તેઓએ જ્યારે ભૂતકાળમાં પ્લોટ ખરીદેલ હતો ત્યારે ટ્રાન્સફર ફી GIDC દ્વારા લગાડવામાં આવી ના હતી. ગત વર્ષે આ ટ્રાન્સફર ફી GIDC દ્વારા વસૂલ કરવામાં આવી છે. આ ટ્રાન્સફર ફી ઉપર લાગેલ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળે? – CA કલ્પેશ પટેલ, નડિયાદ**

જવાબઃ ના, જી.એસ.ટી હેઠળ GIDC પ્લોટ માટે લગાડવામાં આવેલ ટ્રાન્સફર ફીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલામ ૧૭(૫) હેઠળ મળે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલ GIDCમાં પ્લોટ ધરાવે છે. તેઓ દ્વારા આ પ્લોટ અન્ય વ્યક્તિને તબદીલ કરવામાં આવે તો તે વ્યવહાર ઉપર જી.એસ.ટી. લાગુ પડે? – CA કલ્પેશ પટેલ, નડિયાદ**

જવાબઃ હા, અમારા માટે GIDCના પ્લોટ માટે ભરવામાં આવેલ ટ્રાન્સફર ફી એ રાઈટ ટુ યુઝ તબદીલ થયેલ ગણાય અને આ વ્યવહાર ઉપર જી.એસ.ટી.ની જવાબદારી લાગુ પડે. આ માટે J M Chemicals (AAR-ગુજરાત)નો રેફરન્સ મળી શકે.

**અમારા અસીલ થ્રેશર મશીન બનાવે છે. તેઓનો માલ કરપાત્ર છે. આ થ્રેશર માશીન ઉત્પાદન માટે વીજળીની જરૂર હોય તેઓ ફેક્ટરીમાં સોલર સિસ્ટમ લગાડવાના છે. ઉત્પાદન માટે જ લગાડવામાં આવતી આ સોલર સિસ્ટમની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તેઓને મળે? – અરવિંદ આર. પટેલ, ટેક્સ એડવોકેટ, વિસનગર**

જવાબઃ હા, અમારા મતે આ સોલર સિસ્ટમ એ કેપિટલ ગુડ્સ ગણાય અને તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે.

## ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ પોતાના પુત્રને ૩૦ લાખ જેવી રકમ ગિફ્ટ આપવા માંગે છે. આ ગિફ્ટ ઉપર તેમના પુત્રની ટેક્સ ભરવા જવાબદારી આવે? – ગૌરવ પટેલ, એડવોકેટ, ખેડા**

જવાબઃ ના, પિતાએ પોતાના પુત્રને ગિફ્ટ આપેલ હોય ત્યારે ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૫૬(૨) હેઠળ કરમુક્તિનો લાભ મળે. આ વ્યવહાર ઉપર ટેક્સ ભરવાની જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલનું રહેણાંકી મકાન તેઓના પત્નીના નામે છે. બેન્કની હાઉસિંગ લોન પતિ પત્ની બન્નેના સંયુક્ત નામે છે. શું આ હાઉસિંગ લોનના વ્યાજની ટેક્સ કપાત (કલમ ૨૪ હેઠળની) પતિને મળી શકે? – પ્રશાંત મકવાણા, એડવોકેટ**

જવાબઃ આ પ્રકારના વ્યવહારમાં મકાનની માલિકી અને લોનના બોરોવર બન્નેની વિગતો તપાસવી જરૂરી છે. લોનનું વ્યાજ બાદ લેવા મતે પ્રથમ શરત માલિકી છે. જે વ્યક્તિ માલિક જ ના હોય તેઓને હાઉસિંગ લોનના વ્યાજની કપાત મળી શકે નહીં.

**અમારા અસીલ એગ્રીકલ્ચર જમીન ધરાવે છે. તે જમીન NA કરવી તેઓ દ્વારા પ્લોટિંગ કરાવી વેચાણ કરવામાં આવ્યું છે. આ પ્લોટના વેચાણની આવક બાબતે ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD હેઠળ રિટર્ન ભરવાનો લાભ લઈ શકે? – હિત લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ**

જવાબઃ હા, પ્લોટને સ્ટોક તરીકે દર્શાવેલ હોય તો આ પ્રકારના પ્લોટિંગના ધંધાને ઈન્કમ ટેક્સ હેઠળ કલમ 44ADનો લાભ મળે તેવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

25 June 2022

## જી.એસ.ટી.

**અમારા અસીલ દ્વારા મ્યુનિસિપાલિટી છે. તેઓ દ્વારા જૂના ડસ્ટબિન, વાહનો વગેરેનું સ્ક્રેપ તરીકે વેચાણ કરવામાં આવતું હોય છે. આ વેચાણ ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે? જો આ વેચાણ ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે તો તેના ઉપર ક્યાં દરે વેરો લાગે, સ્ક્રેપ તરીકે કે જે તે વસ્તુના જી.એસ.ટી. ના દરે? – જિગ્નેશ દેત્રોજા, ધોરાજી**

જવાબઃ આપના અસીલ મ્યુનિસિપાલિટી પાસે જે ચીજ વસ્તુ બાબતે સ્ક્રેપ સર્ટિફિકેટ હોય તો આ વસ્તુ ઉપર સ્ક્રેપના દરે વેરો લાગુ પડે. અન્યથા તેઓ દ્વારા જે તે વસ્તુના દરે જી.એસ.ટી. ભરવાન જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલને ASMT ૧૦ની નોટિસ મળેલ છે. આ નોટિસમાં GSTR 9ના ટેબલ 8(D)માં થયેલ ઓટો પોપ્યુલેટેડ ઈન્પુટ તથા અમે કલેમ કરેલ ઈન્પુટના તફાવતનું કારણ દર્શાવવામાં આવ્યું છે. અમારી ખરીદી પૈકી બે પાર્ટીના બિલો GSTR 2Aમાં દર્શાવતા નથી. આ તમામ ખરીદી જેન્યુઇન છે અને તેના ઇંવોઇસ અમારી પાસે ઉપલબ્ધ છે. વેચનારની ક્ષતિના કારણે આ બિલો ચડેલા નથી. શું અમે આ તફાવતના પુરાવા આપી જવાબ આપી શકીએ? આ અંગે કોઈ ચૂકદો કે સર્ક્યુલર હોય તો જણાવશો. – જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબઃ વેચનાર દ્વારા માત્ર GSTR 1માં ના ચડાવવામાં આવ્યા હોય પરંતુ ખરીદનારની ખરીદી જેન્યુઈન હોય તેવા કિસ્સામાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ડિસએલાવ થઈ શકે નહીં તેવો અમારો મત છે. આ બાબત ઉપર D Y Beathel Enterprise Vs State Tax Officer, મદ્રાસ હાઈકોર્ટ (WP No. 2127/2021) તથા Onyx Designs Vs ACCT (કર્ણાટક હાઈકોર્ટ) ઉપયોગી બનશે.

**અમારા અસીલ કન્સ્ટ્રકસન બિઝનેસ સાથે સંકળાયેલ છે. તેઓ ૧% તથા ૫% વેરો ભરવા જવાબદાર છે. અમારા અસીલ દ્વારા ૫૦૦૦૦/– જેવી રકમ ફ્લેટ બુકિંગ તરીકે લીધેલ હતી. આ સોદો રદ્દ થતાં આ પૈકી ૪૦૦૦૦/– જેવી રકમ પરત કરેલ છે. શું બાકીની ૧૦૦૦૦/– ની રકમ ઉપર જી.એસ.ટી. લાગુ પડે? જો પડે તો ક્યાં દરે વેરો લાગુ પડે? – મનોજ સી. પાનસૂરીયા, એડવોકેટ**

જવાબઃ હા, ૧૦૦૦૦ ની રકમ ઉપર જી.એસ.ટી. લાગુ પડે. ૧૦૦૦૦/–ની આ રકમ જી.એસ.ટી. કાયદાના શિડ્યુલ ૨ની એન્ટ્રી 5(e) હેઠળ Agreeing to the obligation to refrain from act or to tolerate an act or a situation or to do an act ગણાય અને ૧૮% જી.એસ.ટી. ની જવાબદારી આવે તેવો અમારો મત છે.

## ઈન્કમ ટેક્સ

**હું પગારદાર વ્યક્તિ છું. મને ૨૦૦૪ થી ૨૦૧૫ સુધીના પાછલા વર્ષના એરિયસ મળેલ છે. શું આ રકમમાં મને કોઈ લાભ મળે કે મારે આ વર્ષે જ મળેલ એરિયસ ઉપર ટેક્સ ભરવાની જવાબદારી આવે? – એક કરદાતા, અમદાવાદ**

જવાબઃ પાછલા વર્ષોના એરિયસ માટે તમે ઈન્કમ ટેક્સ કાયદાની કલામ ૮૯(૧) હેઠળ બાયફરકેશનનો લાભ લઈ શકો છો.

18th June 2022

## જી.એસ.ટી.

**અમારા અસીલ દ્વારા એક મહિનામાં જી.એસ.ટી.આર. ૧ ભરવામાં આવેલ છે. પરંતુ તેઓ દ્વારા GSTR 3B ભરેલ ના હતું. GST અધિકારી દ્વારા બેન્ક એટેચમેંટ– (બેન્ક ફ્રિઝ) કરી આપવામાં આવ્યું છે. શું અધિકારી નોટિસ આપ્યા વગર કરદાતાનું બેન્ક એકાઉન્ટન્ટ ફ્રીઝ કરી શકે?– ગૌરવ પટેલ, એડવોકેટ, ખેડા**

જવાબઃહા, ફાઈનન્સ એક્ટ ૨૦૨૧ માં કરવામાં આવેલ સુધારા મુજબ જો કમિશ્નરને રેવન્યુ બચાવવા જરૂરી લાગે તો તે નોટિસ આપ્યા વગર પણ બેન્ક એટેચ કરવા લેખિતમાં આદેશ કરી શકે છે.

**અમારા અસીલનું ૨૦૧૭–૧૮ માટેનું ઓડિટ CGST દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓડિટમાં અમારા અસીલને જી.એસ.ટી કલમ ૯(૩) હેઠળ કપાસ ઉપર RCM ભરવ્યો છે. પ્રશ્ન એ છે કે શું આ ભરેલ RCMની ક્રેડિટ મળે? – એક ટેક્સ કન્સલ્ટન્ટ, ઉના**

જવાબઃ ઓડિટ દરમ્યાન ભરવામાં આવેલ RCMની ક્રેડિટ લેવા ઓડિટ ધ્યાને લઈ સેલ્ફ ઇનવોઇસ જનરેટ કરી ક્લેઇમ કરી શકાય. આ બાબતે એક વાત નોંધાવી જરૂરી છે કે ભવિષ્યમાં જે વર્ષમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધી હશે તે વર્ષના ઓડિટ દરમ્યાન આ ક્રેડિટ અંગે પ્રશ્નો આવી શકે છે જે અંગે લડવા કરદાતાની તૈયારી હોવી જરૂરી છે.

### –: ખાસ નોંધ :–

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી. ની જોગવાઇઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# જી.એસ.ટી. @5: થોડા હે થોડે કી ઝરૂરત હે!!

તા. ૦૧.૦૭.૨૦૨૨: ૦૧ જુલાઇ ૨૦૧૭ ના રોજ રાત્રિના ૧૨ કલાકે સંસદ ભવનના સેન્ટરલ હોલમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા નાણાંમંત્રી અરુણ જેટલી સહિત દેશભરના સાંસદોની હાજરીમાં જી.એસ.ટી. એટલેકે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. ભારતીય ટેક્સ પ્રણાલીમાં જી.એસ.ટી. કાયદો આમૂલ પરીવર્તન તરીકે ગણવામાં આવી રહ્યો હતો. વન નેશન વન ટેક્સ વન માર્કેટ એ જી.એસ.ટી. કાયદાની પંચ લાઇન અથવા તો USP પણ ગણી શકાય. આજે આ જી.એસ.ટી. કાયદો લાગુ થયાને ૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે આજે જી.એસ.ટી. ની છઠ્ઠી વર્ષગાંઠ નિમિતે આ લેખમાં જમીની સ્તરે શું પરિસ્થિતી છે તે જાણવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### ૧. મોટા પ્રમાણમાં ટેકનિકલ ગ્લીચ સાથે શરૂઆત બાદ પોર્ટલમાં મહદ્દ અંશે સુધારોઃ

૦૧.૦૭.૨૦૧૭થી લાગુ થયેલ જી.એસ.ટી. હેઠળ કરદાતાઓએ શરૂઆતના દિવસોમાં જી.એસ.ટી. પોર્ટલના કારણે ખૂબ તકલીફો વેઠી હતી. માઈગ્રેશનથી લઈ કંપોઝીશનની અરજીમાં, GSTR 1 થી માંડીને GSTR 3 ભરવામાં જી.એસ.ટી. પોર્ટલ દ્વારા કરદાતાઓની અને ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સની ખરા અર્થમાં પરીક્ષા લીધી હતી. જી.એસ.ટી. લાગુ થયાના લગભગ ૧ વર્ષ સુધી પોર્ટલ દ્વારા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સન માટે ખૂબ પરેશાની ઊભી કરેલ હતી. કોઈ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધી તે ફોર્મ પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરવવામાં ના આવ્યું હોય, ફોર્મ જ્યારે ઉપલબ્ધ બનાવવામાં આવ્યું હોય ત્યારે ટૂંકી મુદતમાં આ ફોર્મ ભરવા કરદાતાને જણાવવામાં આવ્યું હોય તેવા અનેક દાખલા સામે આવ્યા હતા. પરંતુ આજે પાંચ વર્ષ પછી સ્થિતિ મહદ્દઅંશે સારી છે. નાના મોટા ટેકનિકલ પ્રોબ્લેમને બાદ કરતાં જી.એસ.ટી. પોર્ટલ સારી રીતે કાર્યરત છે. પણ હા ટેક્સ પ્રોફેશનલ્સ જુલાઇ ૨૦૧૭ આસપાસના ગાળામાં જી.એસ.ટી. પોર્ટલ ઉપરની ટેકનિકલ ક્ષતિઓના કારણે પોતે ભોગવેલ યાતના ક્યારેય ભૂલી શકશે નહીં તે ચોક્કસ છે. સરકાર જેને ટીથીંગ ટ્રબલ ગણી રહી હતી તે ટીથીંગ ટ્રબલ એ કરદાતા તથા ટેક્સ પ્રોફેશનલ્સના દાંત ખાંટા કરી નાખ્યા હતા.

### ૨. અસંખ્ય નોટિફિકેશન–સર્ક્યુલર–ઓર્ડર્સઃ

જી.એસ.ટી. કાયદો ૦૧ જુલાઈ ૨૦૧૭ થી લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારે જ નિષ્ણાંતો માની રહ્યા હતા કે જી.એસ.ટી. કાયદો ઉતાવળમાં, જોઈએ તેવી તૈયારી વગર લાગુ કરી આપવામાં આવ્યો છે અને આ કારણે જી.એસ.ટી. માં કરદાતાઓને અનેક તકલીફો પડી શકે છે. વાસ્તવમાં એજ પરિસ્થિતી ઊભી થઈ હતી. કાયદામાં રહેલી ત્રુટિઓ સુધારવા અનેક નોટિફિકેશન, સર્ક્યુલર તથા રીમુવલ ઓફ ડિફિકલ્ટી ઓર્ડર બહાર પાડવાની ફરજ પડી હતી. જી.એસ.ટી. પોર્ટલની ખામીના કારણે જી.એસ.ટી. હેઠળની મુદતોમાં અનેકવાર વધારો કરવામાં આવ્યો હતો. આ મુદતોમાં વધારો કરવા સમયે દર વખતે માત્ર કરદાતાના હિતમાં મુદત વધારવામાં આવેલ છે તેમ જણાવવામાં આવ્યું હતું. પરંતુ હકીકત એ હતી કે આ મોટાભાગની મુદતો જી.એસ.ટી. પોર્ટલના લાભાર્થે વધારવામાં આવી હતી. કાયદા તથા નિયમોમાં રહી ગયેલી ત્રુટિઓના કારણે અનેક નોટિફીકેશન બહાર પાડવાની જરૂર ઊભી થઈ હતી. આ નોટિફિકેશનની ભાષા પણ એટલી મુશ્કેલ રહેતી હોય છે કે સામાન્ય કરદાતા તો શું, નિષ્ણાંત ટેક્સ પ્રોફેશનલ્સ પણ અર્થઘટનમાં થાપ ખાઈ જતાં હોય છે!! આટલા મોટા પ્રમાણમા બહાર પાડવામાં આવેલ આ નોટિફિકેશન, સર્ક્યુલરના કારણે ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ તરીકે જે જી.એસ.ટી. લાગુ કરવાનો હતો તે બેડ એન્ડ કોમ્પ્લેક્ષ ટેક્સ બની ગયો હતો. આજે પાંચ વર્ષે આ બાબતની સ્થિતિની વાત કરીએ તો જી.એસ.ટી. હેઠળ નોટિફિકેશન, સર્ક્યુલર વગેરેની સંખ્યામાં ચોક્કસ ઘટાડો આવ્યો છે પરંતુ આજે પણ નોટિફિકેશનની ભાષા આજે પણ એટલીજ ટેકનિકલ છે. આ પ્રકારે ટેકનિકલ ભાષામાં જ્યાં નોટિફિકેશન બહાર પાડવામાં આવતા હોય ત્યારે સ્થાનિક ભાષામાં આ અંગે ટ્રેડ નોટિસ બહાર પાડવી પણ જરૂરી છે. કાયદાથી ઉપરવટ જઈ નોટિફિકેશન બહાર પાડવામાં આવતા હોવાની ફરિયાદ પણ સતત ઉઠી જ રહી છે!!




### ૩. જી.એસ.ટી. રિટર્નમાં સદંતર બદલાવ

જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો ત્યારે સામાન્ય રીતે કરદાતાએ GSTR 1, GSTR 2 તથા GSTR 3 જેવા ત્રણ અલગ અલગ ફોર્મમાં પોતાના રિટર્ન ભરવાના થતાં હતા. આ ત્રણે ફોર્મ ભરવાની મુદત પણ અલગ અલગ હતી. જી.એસ.ટી. રિટર્નની આ પદ્ધતિ બહાર પડતાંની સાથેજ નિષ્ણાંતો માની રહ્યા હતા કે રિટર્ન ભરવાની આ પદ્ધતિ જમીની સ્તરે લાગુ કરવી શક્ય બનશે નહીં. પોર્ટલની ખામીના કારણે શરૂઆતમાં GSTR 2 અને GSTR 3ને મુલતવી રાખી GSTR 1 તથા તેની સાથે સમરી રિટર્ન તરીકે GSTR 3B નામનું ફોર્મ (જે ફોર્મ રિટર્ન નથી તેવા ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ તેને વિધિવત રીતે રિટર્નનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું) લાગુ કરવામાં આવ્યું હતું. હંગામી ધોરણે લાગુ કરવામાં આવેલ GSTR 3Bનું ફોર્મ આજે પાંચ વર્ષ બાદ પણ ચાલુ છે. લાંબા સમય સુધી GSTR 2 અને GSTR 3 દ્વારા રિટર્નની આ પદ્ધતિની ને જડતાંથી પકડી રાખ્યા બાદ આખરે ૨૦૨૨ના બજેટમાં રિટર્ન ભરવાની આ પદ્ધતિને વિધિવત અલવિદા કહી દેવામાં આવી છે. હાલ, કરદાતાઓ GSTR 1 દ્વારા પોતાનું વેચાણ અને GSTR 3B દ્વારા પોતાના વેચાણ તથા આઉટપુટ ટેક્સ તથા ઈન્પુટ ટેક્સ ક્રેડિટની વિગતો દર્શાવી રિટર્ન ફાઇલ કરી રહ્યા છે. GSTR 2A, GSTR 2B જેવા નાના પણ ભયંકર ફોર્મ દ્વારા GSTR 2ની ભરપાઈ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી કરદાતાઓની રિટર્ન રિવાઈઝ (રિટર્નમાં સુધારો) કરવાની સગવડ આપવાની માંગણી માન્ય રાખવામા આવી નથી!!!

### ૪. સિમલેસ ક્રેડિટ નો મુખ્ય ઉદ્દેશ નથી રહ્યો યાદ!!

સિમલેસ ક્રેડિટ ના મુખ્ય ઉદેશ સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદાની આજે પાંચ વર્ષ બાદ જો સૌથી ગંભીર ક્ષતિ ગણાય તો તે ક્ષતિ એ ગણી શકાય કે આજે પાંચ વર્ષ બાદ જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી અત્યંત મુશ્કેલ બનાવી આપવામાં આવી છે. માલ અને સેવાઓ વચ્ચે ઈન્પુટ ક્રેડિટ મળી શકે, આંતર રાજ્ય માલ વિનિમયની ક્રેડિટ મળી શકે અને આ ક્રેડિટના કારણે માલ પર ટેક્સનો બોજો ઘટે અને માલ ગ્રાહકો માટે સસ્તો બને તે હેતુ જી.એસ.ટી. લાગુ કરવાનો મુખ્ય હેતુ હતો. પરંતુ આજે પાંચ વર્ષ પછી જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી એ લોઢાંના ચણા ચાવવા જેવી મુશ્કેલ બાબત બની ગઈ છે. અવારનવાર પકડવામાં આવતા જી.એસ.ટી. હેઠળના કરચોરીના કૌભાંડના કારણે દિવસેને દિવસે જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવી કરદાતા માટે મુશ્કેલ બનાવવામાં આવી છે. કરચોરોના કરચોરીની સજા હાલ પ્રમાણિક વેપારીઓ ભોગવી રહ્યા હોય તેવું જમીની સ્તરે ફલિત થઈ રહ્યું છે. જી.એસ.ટી.ને સફળ બનાવવા આ ક્ષતિ દૂર કરવી ખૂબ જરૂરી છે. ખરીદનાર વેપારી દ્વારા યોગ્ય જી.એસ.ટી. ચૂકવી ખરીદવામાં આવેલ માલ ઉપર વેચનાર વેપારી વેરો ના ભરે એવી પરિસ્થિતીમાં ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માન્ય ના રાખવામા આવે તે ક્યાંનો ન્યાય??? હા કરચોરીમાં સાંઠગાંઠ સાબિત થઈ તેવા ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવે તે બારોબાર છે પરંતુ સામાન્ય ધંધાકીય વ્યવહારમાં થતી ખરીદી ઉપર આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવી એ પાડાના વાંકે પખાલીને ડામ આપવા જેવી બાબત જ ગણી શકાય. આમ, કહી શકાય કે આજે પાંચ વર્ષ બાદ સિમલેસ ક્રેડિટ મળી રહે તે હેતુ ફલિત થયો નથી.

### ૫. જી.એસ.ટી. રજીસ્ટ્રેશનઃ બાજી વધુ બગડી રહી છે!!

જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે સૌથી વધુ પ્રશંશા એ બાબતની કરવામાં આવતી હતી કે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો વેટ કાયદા કરતાં સરળ છે. ટેક્સ પ્રોફેશનલ્સ એક સુરે આ બાબતના વખાણ કરતાં જોવા મળતા હતા. પરંતુ ધીમે ધીમે, જેમ જેમ જી.એસ.ટી. હેઠળ કરચોરીના કૌભાંડ બહાર આવતા ગયા તેમ તેમ જી.એસ.ટી. નોંધણી દાખલો મેળવવાની વિધિ મુશ્કેલ બનતી ગઈ. આજે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો ખૂબ મુશ્કેલ બની ગયો છે. જી.એસ.ટી. હેઠળ નવા નોંધણી દાખલાની અરજી કરતાં તમામ કરદાતાને જી.એસ.ટી. ડિપાર્ટમેંટ શંકાના નજરથી જોઈ રહ્યું છે. એક યા બીજા કારણ આપી જી.એસ.ટી. નોંધણીની અરજી નકારવામાં આવતી હોવાની ફરિયાદ સતત ઉઠી રહી છે. જી.એસ.ટી. નોંધણી બાબતે જી.એસ.ટી. શરૂઆતની પરિસ્થિતી કરતાં સ્થિતિ આજે પાંચ વર્ષ બાદ વધુ ખરાબ જણાય આવે છે.

જી.એસ.ટી. લાગુ કરવાની હિમ્મત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જેવા બાહોશ અને હિમ્મતવાન પ્રધાનમંત્રી જ કરી શકે એ ચોકકસ છે. જી.એસ.ટી. લાગુ કરવામાં પડેલ વિવિધ સમસ્યાઓનો દ્રઢતાથી સામનો કરી, જી.એસ.ટી. લાગુ કરવા અડગ રહી ૦૧ જુલાઈ ૨૦૧૭ થી જી.એસ.ટી. લાગુ કરવો એ પ્રધાનમંત્રીએના મક્કમ મનોબળનો પુરાવો છે. સૈદ્ધાંતિક રીતે જી.એસ.ટી. લાગુ કરવો દેશના તથા વેપારના હિતમાં છે તે બાબતે કોઈ બે મત નથી. પરંતું જી.એસ.ટી. જોઈએ તેવો સ્મૂથલી લાગુ થઈ શક્યો નથી એ પણ હકીકત છે. આજે પાંચ વર્ષ પછી પણ ઘણી બાબતો એવી છે જેમાં ફેરફારને અવકાશ છે. આવી બાબતોમાં સૌથી વધુ જરૂર છે તો તે છે કરદાતા પ્રત્યેના વલણના બદલાવની જ્યાં જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા દરેક વેપારી/કરદાતાને શંકાની નજરે જોવામાં આવે છે!! અંતે જી.એસ.ટી. વિષે એટલું જ કહી શકાય છેકે થોડા હે.. થોડે કી ઝરૂરત હે!!!

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૨૭.૦૬.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

◆ Year: 6, ◆ Issue No.9, ◆ Continue Issue No.69, ◆ Date: 16/07/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.